Durgesh V. Buch
President
Natubhai Patel
Sr. Vice President
Bhargav Thakkar
Vice President
Sanjeev Chhajer
Secretary
Dilip M. Padhya
Secretary (R)
Pathik S. Patwari
Treasurer

૫ જુન, ૨૦૨૦/૬૨૨૦

**શ્રી વિજયભાઇ રૂપાણી**
*માનનીય મુખ્યમંત્રીશ્રી*
ગુજરાત રાજ્ય, સ્વર્ણીમ સંકુલ
નવા સચિવાલય
ગાંધીનગર-૩૮૨ ૦૧૦.

**વિષય : COVID-19 ને ધ્યાનમાં રાખી આપશ્રી દ્વારા વેટ જીએસટી કાયદા હેઠળ જાહેર કરવામાં આવેલ છુટછાટો અને સહાય અંગે.**

**માનનીય મુખ્યમંત્રીશ્રી,**

આપની કુશળતા ઇચ્છુ છું !

સૌ પ્રથમ વેપાર-ઉદ્યોગને COVID-19 મહામારીથી ઉદ્ભવેલ હાલની પ્રતિકૂળ આર્થિક પરિસ્થિતિમાં સહાય આપવા માટે આપશ્રી દ્વારા રૂા.૧૪ હજાર કરોડનું **"ગુજરાત આત્મનિર્ભર પેકેજ"** જાહેર કરવા બદલ આપશ્રીનો આભાર માનીએ છીએ.

આ પેકેજ અંતર્ગત વેટ-જીએસટી કાયદા હેઠળ વહીવટી સરળતા આપવા તેમજ રાજ્યના અર્થતંત્રને પુનઃ વેગવંતુ બનાવવા માટે અમુક છુટછાટો જાહેર કરવામાં આવેલ છે જેમાં નીચે મુજબ અમુક સૂચનો અંગે આપશ્રીનું ધ્યાન દોરવા ઇચ્છીએ છીએઃ

(૧) રૂા. ૧૦ કરોડથી ઓછું વાર્ષિક ટર્નઓવર ધરાવતા વેપારીઓના કિસ્સામાં અગાઉના એસેસમેન્ટ વર્ષો માટે આકારણી અંગેની આપવામાં આવેલ નોટીસો પરત ખેંચવાની જાહેરાત કરવામાં આવી છે. પરંતુ, આ સહાયનો લાભ લેવા માટે કોઇ પણ પ્રકારની Mismatch હોવી જોઇએ નહીં તેવી ફરજીયાત શરત મુકવામાં આવી છે. આને કારણે નાની નાની ટેકનીકલ ભુલો જેવી કે નામના સ્પેલિંગની ભુલ વિગેરે ના ફળસ્વરૂપ થતાં Mismatch ને કારણે લગભગ ૯૦% જેટલા વેપારીઓ આ સ્કીમનો લાભ લઇ શકે તેમ નથી અને તેઓએ ફરજીયાત એસેસમેન્ટ કરાવવું પડશે. આથી આપશ્રીને નમ્ર વિનંતી છે કે ટેકનીકલ ભૂલોના ફળસ્વરૂપે થતા Mismatchને કારણે આ સહાયના લાભમાંથી વેપારીઓને વંચિત રાખવામાં ન આવે જેથી આ જાહેરાતનો લાભ વેપારીઓ લઇ શકે.

Durgesh V. Buch
President

Natubhai Patel
Sr. Vice President

Bhargav Thakkar
Vice President

Sanjeev Chhajer
Secretary

Dilip M. Padhya
Secretary (R)

Pathik S. Patwari
Treasurer



(૨) વેરા સમાધાન યોજના-૨૦૧૯ હેઠળ જેમણે ૧૫ માર્ચ, ૨૦૨૦ સુધી પ્રથમ હપ્તો ભર્યો છે તેઓને ૩ માસની મુદ્દત વધારી આપવામાં આવશે તેવું જાહેર કરવામાં આવ્યું છે. પરંતુ આ જાહેરાત થયા પહેલા યોજનામાં એવી શરત મુકવામાં આવેલ હતી કે જો એક પણ હપ્તો ભરવામાં આવે નહીં તો તેમને યોજનાનો લાભ મળવાપાત્ર થાય નહીં. તેથી ઘણાં બધા વેપારીઓએ યોજનાનો લાભ ગુમાવવાના ભયથી કોઇ પણ પ્રકારે નાણાંની વ્યવસ્થા કરી હપ્તા ભર્યા છે. આવા વેપારીઓને હાલના સંજોગોને ધ્યાનમાં રાખી તેમના દ્વારા ભરેલ રકમ પરત આપવામાં આવે તેવી નમ્ર વિનંતી છે. વધુમાં જુન સુધી લૉકડાઉન હોવાથી અને ઘણાં ઉદ્યોગો હજુ પણ સંપૂર્ણપણે કાર્યરત થયા ન હોવાથી હપ્તા ભરવાની મુદ્દતને વધુ ૩ મહિના વધારી આપવામાં આવે તેવી વિનંતી છે.

અમને ખાત્રી છે કે હાલની પરિસ્થિતિ અને સંજોગોને ધ્યાનમાં રાખી આપશ્રી દ્વારા ઉપરોક્ત સૂચનો અંગે સકારાત્મક નિર્ણય લેવામાં આવશે.

**આભાર સહ,**

**આપનો વિશ્વાસુ,**

**દુર્ગેશ બુચ**

**પ્રમુખ**

**નકલ રવાના :**

૧. **શ્રી નીતિનભાઇ પટેલ,** માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી, ગુજરાત રાજ્ય

૨. **શ્રી જે. પી. ગુપ્તા, IAS** ચીફ કમિશ્નર ઓફ સ્ટેટ ટેક્ષીસ ગુજરાત, વાણિજ્યક વેરા ભવન, આશ્રમરોડ, અમદાવાદ.